# આજ મોતીડે મે વરસ્યા

(રાગ : મહાવીરા તેરી ધૂનમેં)

આજ મોતીડે મે વરસ્યા, સ્વર્ણે જિનવૃંદ પધાર્યા.

શ્રી આદિજિણંદ પધાર્યા, ભાવી ભગવંત પધાર્યા, (૨)
મહાપદ્મ પ્રભુજી પધાર્યા, શાશ્વત જિનરાજ પધાર્યા....આજ૦

શ્રી જિનવરવૃંદ આવો, તીર્થંકરદેવ પધાર્યા (૨)
જયનાદ ગગનમાં ગાજે, હૈડાં સેવકનાં હરખે....આજ૦

હૈડાના હાર આવો, આતમશણગાર પધારો, (૨)
સેવક પર મહેર કરીને અમીનજરે નાથ! નિહાળો....આજ૦

હું કઈ વિધ વંદું સ્વામી, હું કઈ વિધ પૂજું સ્વામી (૨)
ત્રિલોકીનાથ પધાર્યા અમ સેવકના આંગણિયે....આજ૦

નંદીશ્વરમંદિર રાજે, શ્રી જિનવરવૃંદ બિરાજે, (૨)
દેવેન્દ્ર-નરેન્દ્રો આવે, શ્રી જિનવરનાં ચરણોમાં....આજ૦

હે ધ્યાન-ધુરંધર સ્વામી, વીતરાગ-વિલાસી સ્વામી, (૨)
સુખમંદિર જિનવરદેવા, અમ રહીએ તુજ ચરણોમાં....આજ૦

ત્રિલોકીનાથ-ચરણે મુક્તિનું સુખ નિહાળું, (૨)
દિનરાત જિનને ધ્યાઉં, અંતરમાં નાથ વસાવું....આજ૦

ગુરુ કહાનના પ્રતાપે જિનરાજ પધાર્યા આજે, (૨)
તુજ પ્રભાવ ભરતે ગાજે, સુવર્ણે મંગળ થાયે....આજે૦

ગુરુ સાતિશય ગુણવંતા, ગુરુના ઉપકાર અનંતા, (૨)
શ્રુતલબ્ધિ અચરજકારી, શિવપંથ પ્રકાશનહારી....આજ૦

આદીશ્વર આજ પધાર્યા, ભાવી ભગવંત પધાર્યા, (૨)
મહાપદ્મ પ્રભુજી પધાર્યા, શાશ્વત જિનરાજ પધાર્યા....આજ૦